| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **NavGujarat Samay** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **13/04/2022** |
| **PAGE :** | **4** |

# ઇડીઆઇ દ્વારા નેશનલ સમર કેમ્પનું આયોજન

**નવગુજરાત સમય** > અમદાવાદ: આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદે વર્ષ 2022 માટે યુવાનો અને બાળકો માટે રાષ્ટ્રીય સ્તરના રેસિડેન્શિયલ સમર કેમ્પની જાહેરાત કરી છે. છેલ્લાં થોડાં વર્ષોમાં સંસ્થાએ સમગ્ર દેશમાં 12થી 16 વર્ષના વયજૂથમાં બાળકોને નેશનલ સમર કેમ્પ ઓન આંત્રપ્રિન્યોરિયલ સ્ટિમ્યુલેશન દ્વારા નોંધપાત્ર પ્લેટફોર્મ પ્રદાન કર્યું છે, અત્યાર સુધી સંસ્થાએ બાળકો માટે 37 નેશનલ સમર કેમ્પ્સ યોજીને 2511 બાળકોને તૈયાર કર્યા છે. આ વર્ષે બાળકો માટે ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા 38 અને 39મા સમર કેમ્પનું સંસ્થાના કેમ્પસમાં 1થી 6 મે અને 22મેથી 27 મે દરમિયાન આયોજન કર્યુ છે. આ કેમ્પ દ્વારા બાળકોમાં ઊંચી સફળતાઓ મેળવવા ઉદ્યોગસાહસિકતા અને ઉપલબ્ધિનો જુસ્સો નોંધપાત્ર રીતે વિકસે છે એવું જોવા મળ્યું છે. આ કેમ્પ પૂર્ણ થતા સહભાગી બાળકોના માતાપિતાને તેમના બાળકો પર વિસ્તૃત રિપોર્ટ આપવામાં આવે છે, જેમાં બાળકના વ્યક્તિત્વની ખાસિયતો પર ભાર મૂકવામાં આવે છે અને તેમના માટે ભવિષ્યની દિશા પ્રદાન કરવામાં આવે છે. સફળતા મેળવનાર ઉદ્યોગસાહસિકો સાથે બેઠકો અને વર્ગખંડમાં જે બાબતો શીખી હોય એના અમલીકરણને જોવા ફિલ્ડ વિઝિટ કરવાથી સહભાગી યુવાનો પર અમિટ છાપ અંકિત થાય છે. ઈડીઆઈઆઈના ફેકલ્ટી ડો. પંકજ ભારતી કેમ્પ લીડર છે. તેમનો સંપર્ક આ વેબસાઈટ મારફતે થઈ શકશે: pbharti@ediindia.org / camps@ediindia.org